सत्यमेव जयते

દાખલ તારીખ :– ૨૦/૧૨/૨૦૨૫
નોંધ્યા તારીખ :– ૨૦/૧૨/૨૦૨૫
**ફેંસલ તારીખ:– ૧૬/૦૩/૨૦૨૬**
સમયગાળો :–<u>વર્ષ–માસ–દિવસ</u>
૦૦ – ૦૨ – ૨૭

---

**મહેરબાન વિસાવદરના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ**
**(બી.એચ.ભટ્ટ) સાહેબશ્રીની કોર્ટમાં, મુ.વિસાવદર, જી.જુનાગઢ.**

---

<u>આંક :–૨૦</u>

**<u>ફોર્મ–'એ'</u>**

(ચુકાદાની તારીખ :– ૧૬/૦૩/૨૦૨૬)
ફોજદારી કેસ નંબર :–૭૪૯/૨૦૨૫
(વિસાવદર પોલીસ સ્ટેશન ગુના રજી.નં. ૧૧૨૦૩૦૭૦૨૫૦૪૫૧/૨૦૨૫)

**<u>ફરીયાદી</u> :–** શ્રી સરકાર

**ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.એચ.પરમાર**

**–:: <u>વિરૂધ્ધ</u> ::–**

**<u>આરોપી</u> :–** કિશનભાઈ ઉર્ફે કિશલો લખમણભાઈ ચનાભાઈ
ચુડાસમા,ઉ.વ.૨૨, ધંધો–મજુરી,
રહે.કેશોદ, ચાંદીગઢના પાટીયે, માલધારી હોટેલની
બાજુમાં, શ્રીનાથજી ગૌશાળાની બાજુમાં,
માંગરોળ રોડ ઝુપડામાં,
હાલ રહે.રૂપાયતન ગેટની બાજુમાં,ભવનાથ જુનાગઢ.

**આરોપી તરફે વિ.વ.શ્રી ડી.કે.પિત્રોડા.**

## <u>ફોર્મ–'બી'</u>

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૭/૦૯/૨૦૨૫ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૨૭/૦૯/૨૦૨૫ |
| ચાર્જશીટ તારીખ | ૨૦/૧૨/૨૦૨૫ |
| તહોમતનામું ઘડયા તારીખ | ૧૭/૦૧/૨૦૨૬ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૧૨/૦૨/૨૦૨૬ |
| ચૂકાદા પર રાખ્યા તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ |
| ચૂકાદા તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | – |

## <u>આરોપીની વિગતો</u>

| **આરોપી ક્રમાંક** | **આરોપીનું નામ** | **અટક કર્યા તારીખ** | **જામીન પર મુકત કર્યા તારીખ** |
|---|---|---|---|
| ૧. | કિશનભાઈ ઉર્ફે કિશલો લખમણભાઈ ચનાભાઈ ચુડાસમા | ૦૩/૧૧/૨૦૨૫ | ૦૧/૦૧/૨૦૨૬ (નોંધ: જામીન અરજી મંજુર થયા બાદ જામીન રજુ ન કરતા આરોપી હાલ જયુડિશીયલ કસ્ટડીમાં છે.) |
| **આક્ષેપિત ગુના** | **છોડી મૂકેલ છે કે સજા કરેલ છે.** | **કરવામાં આવેલ સજા** | **ફો.કા.સં.ની કલમ–૪૨૮ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો** |
| બી.એન.એસ.ની કલમ –૩૦૩(૨),૫૪ | નિર્દોષ | – | – |

## <u>ફોર્મ–'સી'</u>

### એ. <u>ફરીયાદ પક્ષ તરફે સાહેદોનું તથા દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ</u> :–

| **અનું.નં.** | **આંક** | **સાહેદ તથા દસ્તાવેજ નુ નામ** |
|---|---|---|

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

| | | |
|---|---|---|
| ૧. | ૦૭ | ફરીયાદી નાયબ ઈજનેર, અમીતકુમાર નાથાભાઈ રાબડીયાની સોગંદ ઉપરની જુબાની |
| ૨. | ૦૮ | અસલ ફરીયાદ |
| ૩. | ૦૯ | બનાવવાળી જગ્યા પંચનામાના સાહેદ નં. ૧ ભીખુભાઈ નથુભાઈ ચાવડાની જુબાની |
| ૪. | ૧૦ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૫. | ૧૧ | બનાવવાળી જગ્યા પંચનામાના સાહેદ નં. ૨ હરીભાઈ બધાભાઈ સોલંકીની જુબાની |
| ૬. | ૧૨ | રેઈડ કર્યા અંગેના પંચનામાના સાહેદ નં. ૧ તૌફીક કમાલ કુરેશીની જુબાની |
| ૭. | ૧૩ | રેઈડ કર્યા અંગેનું પંચનામુ |
| ૮. | ૧૪ | રેઈડ કર્યા અંગેના પંચનામાના સાહેદ નં. ૨ રીયાઝ સલીમભાઈ કુરેશીની જુબાની |
| ૯. | ૧૫ | મુદ્દામાલ કબજે કર્યા અંગેના પંચનામાના પંચ નં.૧ અશરફભાઈ મજીદભાઈ કુરેશીની જુબાની |
| ૧૦. | ૧૬ | મુદ્દામાલ કબજે કર્યા અંગેનુ પંચનામું |
| ૧૧. | ૧૭ | મુદ્દામાલ કબજે કર્યા અંગેના પંચનામાના પંચ નં.૨ જુમ્માભાઈ ઉદેદાદભાઈ બ્લોચની જુબાની |
| ૧૨. | ૧૮ | સાહેદ નાયબ ઈજનેર કમલકુમાર કીરીટભાઈ અખેણીયાની જુબાની |
| ૧૨. | ૧૯ | ત.ક.અ. પી.એસ.આઈ.રસીકભાઈ ડાયાભાઈ રોહિતની જુબાની |

---

**ગુનો :–બી.એન.એસ.ની કલમ–૩૦૩(૨),૫૪ મુજબ.**

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

---

***<u>J U D G E M E N T</u>***

(૧) સદર કેસની ટૂંકી વિગત એ મુજબ છે કે, ફરીયાદી પી.જી.વી.સી.એલ. કચેરી–૧, વિસાવદર ખાતે નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવે છે. ફરીયાદીને જાણવા મળેલ કે, વિસાવદર ગામના જીવુબેન વાછડીયાનું વીજ જોડાણનું ૫(પાંચ) કે.વી.નું ટ્રાન્સફોર્મર કોઈ અજાણ્યા ઈસમ દવારા નીચે ઉતારી ટ્રાન્સફોર્મરમાંથી ૧૯ કિલો કોપરનું વાયરીંગ તથા લોખંડનું ટી.સી.નું બોડી કિં.રૂા.૧૭,૧૫૦/–ચોરાયેલ છે. તેમજ થોડા સમય બાદ તેઓને જાણવા મળેલ કે, વિસાવદર ગામના ગોવિંદભગત વાણીયાનું ખેતીવાડીનું ૨૫(પચ્ચીસ) કે.વી.નું ટ્રાન્સફોર્મર કોઈ અજાણ્યા ઈસમ દવારા નીચે ઉતારી ટ્રાન્સફોર્મરમાંથી ૫૪ કિલો એલ્યુમીનીયમ કિં.રૂા.૧૩,૫૦૦ /–ચોરાયેલ છે. તેમજ થોડા સમય બાદ ફરીયાદીને જાણવા મળેલ કે, વિસાવદર માણદિયા રોડ ઉપર પાંજરાપોળ ગૌશાળાનું ખેતીવાડીનું ૧૬(સોળ) કે.વી.નું ટ્રાન્સફોર્મર કોઈ અજાણ્યા ઈસમ દવારા નીચે ઉતારી ટ્રાન્સફોર્મરમાંથી ૩૯ કિલો એલ્યુમીનીયમના વાયરીંગ કિં.રૂા.૯,૭૫૦ /– ચોરાયેલ છે. તેમજ એક અઠવાડીયા બાદ ફરીયાદીને જાણવા મળેલ કે, વિસાવદર માણદિયા જતા રસ્તેદ દાફડા પરીવારના સુરાપુરા બાપાના મંદિરનું વિજજોડાણનું ૫(પાંચ) કે.વી.નું ટ્રાન્સફોર્મર કોઈ અજાણ્યા ઈસમ દવારા નીચે ઉતારી ટ્રાન્સફોર્મરમાંથી ૧૯ કિલો કોપરનું વાયરીંગ કિં.રૂા.૧૬,૧૫૦/ –ચોરાયેલ છે. તેમજ જાણવા મળેલ કે, વિસાવદર માણદિયા ગામના વલ્લભભાઈ ભાલીયાની ખેતીવાડીનું ૫(પાંચ) કે.વી.નું ટ્રાન્સફોર્મર કોઈ અજાણ્યા ઈસમ દવારા નીચે ઉતારી ટ્રાન્સફોર્મરમાંથી ૧૯ કિલો કોપરનું વાયરીંગ કિં.રૂા.૧૬,૧૫૦/ –ચોરાયેલ છે. તેમજ ફરીયાદીને જાણવા મળેલ કે, વિસાવદરના વાલજીભાઈ વાઘેલાનું

ખેતીવાડીનું ૧૬(સોળ) કે.વી.નું ટ્રાન્સફોર્મર કોઈ અજાણ્યા ઈસમ દવારા નીચે ઉતારી ટ્રાન્સફોર્મરમાંથી ૩૯ કિલો એલ્યુમીનીયમના વાયરીંગ કિ.રૂા. રૂા.૯,૭૫૦ /- ચોરાયેલ છે. તેમજ વિસાવદર પી.જી.વી.સી.એલ. સબ ડીવીજન-૨ માં ફરજ બજાવતા નાયબ ઈજનેર કે.કે.અખેણીયાને ૧૫ દિવસ પહેલા જાણવા મળેલ કે, તેઓના કાર્યક્ષેત્રમાં આવતા સરસઈ જતા રસ્તે વડલી ફાટક પાસે વૃંદાવન વિહારી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના વીજ જોડાણનું ૫(પાંચ) કે.વી.નું ટ્રાન્સફોર્મર કોઈ અજાણ્યા ઈસમ દવારા નીચે ઉતારી ટ્રાન્સફોર્મરમાંથી ૧૯ કિલો કોપરનું વાયરીંગ કિં.રૂા.૧૬,૧૫૦/ -ચોરાયેલ છે. આમ, વિસાવદર પી.જી.વી.સી.એલ. કચેરીના સબ ડીવીઝન-૧ તથા સબ ડીવીઝન-૨ માં વીજ જોડાણના ટ્રાન્સફોર્મરોમાંથી કોપરનું વાયરીંગ આશરે ૭૬ કિલો તથા ૧ ટી.સી.નું બોડી જેની કુલ કિ.રૂા. ૬૫,૬૦૦/- તથા એલ્યુમિનીયમનું વાયરીંગ આશરે ૧૩૨ કિલો કિ.રૂા. ૩૩,૦૦૦/- એમ કુલ રૂા.૯૮,૬૦૦/- ના મુદ્દામાદ કોઈ અજાણ્યા ઈસમ દવારા ચોરી કરવામાં આવેલ છે. જેથી ફરીયાદીએ આરોપી વિરુધ્ધ કાયદેસર થવા ફરીયાદ કરેલ. આમ, આ કામના આરોપીએ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૩૦૩(૨), ૫૪ મુજબનો ગુનો કરેલ હોય. જેથી સદર કામના તપાસ કરનાર અમલદાર દવારા ગુનો નોંધી આક્ષેપીત ગુનાનું ચાર્જશીટ રોજ નામદાર કોર્ટમાં રજુ કરેલ.

**(૨)** આરોપીને સમન્સની બજવણી થતાં તેઓ અદાલત રૂબરૂ હાજર થતાં **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૨૩૦** ની જોગવાઈઓ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલ વિનામુલ્યે આપી આરોપી વિરુધ્ધ **આંક-૦૫ થી તહોમતનામું** ફરમાવી **આંક-૦૬ થી** આરોપીની પ્લી નોંધવામાં

આવતાં ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. જેથી ફરીયાદ પક્ષનો કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષ તરફથી મૌખિક રીતે પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતાં, તેમજ ફરીયાદ પક્ષનાં રજુ થયેલ પુરાવા સંદર્ભે આરોપીનું **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૩૫૧** વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપી તેમની વિરુધ્ધનો પુરાવો વાંચી, સંભળાવી, સમજાવતા આરોપી મુખ્યત્વે ફરીયાદીએ ખોટી ફરીયાદ કરેલ હોવાનું, ખોટો પુરાવો હોવાનું જણાવે છે. તેમજ આરોપી ને બચાવના સાહેદો તપાસવા છે કે કેમ ? અને સોંગદ ઉપર જુબાની આપવા માંગે છે કે કેમ ? તે બાબતે પુછતા આરોપીએ તેમના બચાવમાં સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવેલ છે અને વિશેષમાં કાંઈ કહેવા માંગો છો તે અંગે આરોપીને પુછતા તેઓએ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેઓની સામે ખોટો કેસ કરેલ છે. ત્યાર બાદ આ કામે પક્ષકારોનાં વિધ્વાન વકીલશ્રીઓની ભારપુર્વકની મૌખીક દલીલો સાંભળી તથા રેકોર્ડ ઉપરના પુરાવાઓ ધ્યાને લીધા.

(૪) ઉપરોકત તમામ હકીકતને ધ્યાનમાં લેતા કેસનાં નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપર્ણે પુરવાર કરે છે કે, આરોપીએ વિસાવદર વિસ્તારની આજુબાજુમાં આવેલ માણદીયા રોડ ઉપર આવેલ અલગ અલગ ઈલેકટ્રીક ટ્રાન્ફોર્મર તથા સતાધાર રોડ તેમજ સરસઈ રોડ ઉપર આવેલ અલગ અલગ ઈલેકટ્રીક ટ્રાન્સફોર્મર

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

કોઈ પણ રીતે ખોલી તેમાંથી કોપરનું વાયરીંગ આશરે ૭૬ કિલો જેની કિ.રૂા. ૬૫,૬૦૦/– તથા એલ્યુમિનીયમનું વાયરીંગ આશરે ૧૩૨ કિલો કિ.રૂા. ૩૩,૦૦૦/– તથા વાયર મળી આશરે રૂા.૯૮,૬૦૦/– ની મતાની ચોરી કરી પકડાઈ જઈ ગુન્હો કરેલ હોય. જેથી આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ–૩૦૩(૨),૫૪ મુજબના ગુનો નોંધી ત.ક.અમલદારનાઓએ તપાસ પુર્ણ કરી આક્ષેપીત ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ.

(૨) આખરી શું હુકમ ?

(૫) ઉપરોકત મુદાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં...

(૨) આખરી હુકમ મુજબ...

## :: કા ર ણો ::

(૬) આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાય શાસ્ત્રના મૂળભૂત સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંક પણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઈએ. વધુમાં ફરીયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરીયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવું જોઈએ.

(૭) સદર કામે પુરવાની વિસ્તૃતમાં ચર્ચા કરતા અગાઉ ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ની કલમ–૩૦૩(૨), ૫૪ મુજબના ગુનાઓ તથા તેના આવશ્યક તત્વો વિશે ચર્ચા કરવી જરૂરી બની આવે છે જે નીચે મુજબ છે.

**કલમ ૩૦૩(૨) અંગે નીચે મુજબના આક્ષેપીત તત્વો પુરવાર કરવાના રહે છે.**

(૧) શું આરોપીએ બીજી કોઈ વ્યકિતના કબજામાંથી તેની સંમતિ વિના કોઈ જંગમ મિલકત બદદાનતથી લઈ લેવાના ઈરાદાથી તેને ખસેડીને ચોરી કરેલ છે ?

**કલમ ૫૪ અંગે નીચે મુજબના આક્ષેપીત તત્વો પુરવાર કરવાના રહે છે.**

(૧) શું આરોપીએ પોતે હાજર ન રહી અને પોતે કરેલા દુષ્પ્રેરણના પરિણામે થયેલા કૃત્ય માટે દુષ્પ્રેરક તરીકે કોઈ વ્યકિતને શિક્ષા થાય તેવું કૃત્ય કરેલ છે ?

(૮) ફરીયાદપક્ષ દવારા આક્ષેપાયેલ ગુનાના ઉપરોકત મુજબના તત્વો સાબીત કરવા માટે નીચે મુજબના સાહેદોને તપાસવામાં આવેલ છે.

(૮.૧) ફરીયાદપક્ષે આરોપી વિરૂઘ્ઘનુ તહોમત સાબીત કરવા માટે **આંક–૦૭** થી ફરીયાદી **નાયબ ઈજનેર, અમીતકુમાર નાથાભાઈ રાબડીયા**નાઓને તપાસેલ છે. ફરીયાદીએ પોતાની સરતપાસમાં બનાવ બનેલ અંગેનું વર્ણન કરતી જુબાની આપેલ છે. તેમની સરતપાસમા ફરીયાદી ટુંકમાં જણાવે છે કે, ''... બનાવ ના સમયગાળા દરમ્યાન તેઓનાયબ ઈજનેર તરીકે પી.જી. વી.સી.એલ. વિસાવદર પેટા વિભાગ–૧ મા ફરજ બજાવતા હતા

તે દરમ્યાન ઓગષ્ટ–૨૦૨૫ ની આસપાસ તેઓને જાણવા મળેલ કે, તેઓના વિસાવદર ગામમા જીવુબેન લાખાભાઈ વાછડીયાનુ વીજ જોડાણનુ પાંચ કે.વી.નુ ટ્રાન્સફોર્મર કોઈ ઈસમ ધ્વારા નીચે ઉતારી તે ટ્રાન્સફોર્મરની અંદરથી આશરે ૧૯ કિલો કોપરનુ વાયરીંગ તથા ટી.સી. બોડી જેની અંદાજે કિમત ૧૭,૧૫૦/– જેટલી છે તે ચોરી ગયેલ છે. આ બનાવ બાદ તેઓને જાણવા મળેલ કે, વિસાવદર ગામના અલગ–અલગ ગ્રાહકો જેમાં ગોવિંદભાઈ જીણાભગત વાણીયાની ખેતીવાડીનુ ૨૫ કે.વી.નુ ટ્રાન્સફોર્મર, વિસાવદર માણં દીયા રોડ ઉપર પાંજરાપોળ ગૌશાળાનુ ખેતીવાડીનુ ૧૬ કે.વી.નુ ટ્રાન્સફોર્મર, માણંદીયા જતા રસ્તો દાફડા પરીવારના સુરાપુરાના મં દીરનુ ૫ કે.વી.નુ ટ્રાન્સફોર્મર, માણંદીયા ગામના વલ્લભભાઈ ભાલીયાની ખેતીવાડીનુ ૫ કે.વી.નુ ટ્રાન્સફોર્મર, વિસાવદરના વાલજીભાઈ વાઘેલાનુ ખેતીવાડીનુ ૧૬ કે.વી.નુ ટ્રાન્સફોર્મર તેમજ ડીવી–૨ હેઠળ આવતા વિસ્તારમાં સરસઈ જતા રસ્તે વડલી ફાટક પાસે આવેલ વૃંદાવન વિહારી એજયુકેશન ટ્રસ્ટનુ ૫ કે.વી.નુ ટ્રાન્સફોર્મર. આ બધા વીજ જોડાણના ટ્રાન્સફોર્મરો માંથી કોઈ અજાણ્યા ઈસમ ધ્વારા કુલ ૭૬ કીલો વાયરની અને એક ટ્રાન્સફોર્મર બોડી જેની કુલ કિમત રૂપિયા ૬૫,૬૦૦/– તથા એલ્યુમિનિયમ વાયરની કિમત ૩૩,૦૦૦/– ગણી કુલ ૯૮,૬૦૦/– ની રકમના મુદામાલની કોઈ વ્યકિતએ ચોરી કરી લીધેલ છે. આ બનાવની જાણ થતા તેઓના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન બાદ તેઓએ આ ચોરી બાબતેની આંક–૦૮ વાળી ફરીયાદ આપેલ...''વળી, આરોપીના વિ.વ.શ્રી ધ્વારા તેઓની કરવામાં ઉલટ તપાસમાં

તેઓએ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, ''... તેઓની ફરીયાદ અજાણ્યા ઈસમ સામે આપવામા આવેલ. એ વાત ખરી છે કે બનાવવાળી તમામ જગ્યાઓ વાડી તથા રહેણાંક વિસ્તાર છે અને ત્યાં સતત માણસોની અવરજવર રહે છે. એ વાત ખરી છે કે ચોરાઈ ગયેલ તમામ ટી.સી. કાર્યરત હોય તેમાથી ચોરી કરવા માટે વીજ પ્રવાહ અંગેના સામાન્ય જ્ઞાનની જરૂર રહે છે. એ વાત ખરી છે કે કહેવાતા બનાવ અંગેની ફરીયાદ એક માસ જેટલી મોડી આપવામા આવેલ છે. સાહેદ જણાવે છે કે બનાવની જાણ તેઓએ તરત પોલીસને કરેલ પરંતુ પ્રાથમિક તપાસ ચાલુ હોય પોલીસ ધ્વારા આ ફરીયાદની નોંધણી મોડી કરવામા આવેલ છે. એ વાત ખરી છે કે હાલના બનાવ બાબતે તેઓને કોઈ અંગત જાણકારી નથી.

જો ફરીયાદી જુબાની તેમજ ફરીયાદ એક સાથે જોવામાં આવે તો ફરીયાદી પોતાની જુબાનીમાં કબુલ રાખે છે કે,હાલના બનાવ બાબતે તેઓને કોઈ અંગત જાણકારી નથી.

(૮.૨) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક –૧૦** વાળુ બનાવવાળી જગ્યા નું પંચનામું રજુ રાખી. **આંક–૦૯** થી પંચનામાના પંચ સાહેદ નં. ૧ ભીખુભાઈ નથુભાઈ ચાવડાનાઓ ને તથા **આંક–૧૧** થી પંચ સાહેદ નં.૨ હરીભાઈ બધાભાઈ સોલંકીનાઓને તપાસવામાં આવેલ છે. તેમની સરતપાસમા તેઓ ટુંકમાં જણાવે છે કે,''...પોલીસે તેઓ ને પાંચ–છ તૈયાર કાગળોમા સહીઓ કરવાનુ કહેતા તેઓએ સહીઓ કરેલી.આ કાગળમાં શું લખેલ હતુ તે તેઓએ વાંચેલ નહી કે

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

પોલીસે તેઓ ને વાંચી સંભળાવેલ નહી.પોલીસના કહેવાથી તેઓએ સહિઓ કરેલી. તેમજ પંચોએ પંચનામામાં પોતાની સહિ ઓળખી બતાવેલ છે.તેમજ તેઓ પોલીસ સાથે કોઈ જગ્યાએ ગયેલ નથી તેઓની રૂબરૂમાં કોઈ મુદ્દામાલ કબજે કરેલ નથી...''

આમ, સદર પંચો પંચનામાની હકિકતને સમર્થનકર્તા ન હોય. વિ.એ.પી.પી.શ્રી દવારા સદર પંચોને ફરી ગયેલા જાહરે કરેલ.વળી, આરોપીના વિ.વ.શ્રી ધ્વારા તેઓની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે,તેઓએ તૈયાર પંચનામામાં સહિ કરેલી. તે સિવાય તેઓ કાંઈ જાણતા નથી...''

આમ, સદર કામના પંચોએ પંચનામાની હકિકતને સમર્થન કરતી જુબાની આપેલ નથી.

(૮.૩) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક –૧૩** વાળુ રેઈડ કર્યા અંગેનું પંચનામુ રજુ રાખી. **આંક–૧૨** થી પંચનામાના પંચ સાહેદ નં. ૧ તૌફીક કમાલ કુરેશીનાઓને તથા **આંક–૧૪** થી પંચ સાહેદ નં. ૨ રીયાઝ સલીમભાઈ કુરેશીનાઓને તપાસવામાં આવેલ છે. તેમની સરતપાસમા તેઓ ટુંકમાં જણાવે છે કે,''...પોલીસે તેઓ ને પાંચ–છ તૈયાર કાગળોમા સહીઓ કરવાનુ કહેતા તેઓએ સહીઓ કરેલી.આ કાગળમાં શું લખેલ હતુ તે તેઓએ વાંચેલ નહી કે પોલીસે તેઓને વાંચી સંભળાવેલ નહી.પોલીસના કહેવાથી તેઓએ સહિઓ કરેલી. તેમજ પંચોએ પંચનામામાં પોતાની સહિ ઓળખી બતાવેલ છે.તેમજ તેઓ પોલીસ સાથે કોઈ જગ્યાએ ગયેલ નથી તેઓની રૂબરૂમાં કોઈ મુદ્દામાલ કબજે કરેલ નથી...''

આમ, સદર પંચો પંચનામાની હકિકતને સમર્થનકર્તા ન હોય. વિ.એ.પી.પી.શ્રી દવારા સદર પંચોને ફરી ગયેલા જાહરે કરેલ.વળી, આરોપીના વિ.વ.શ્રી ઘ્વારા તેઓની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે,તેઓએ તૈયાર પં ચનામામાં સહિ કરેલી. તે સિવાય તેઓ કાંઈ જાણતા નથી...''

આમ, સદર કામના પંચોએ પંચનામાની હકિકતને સમર્થન કરતી જુબાની આપેલ નથી.

(૮.૪) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક –૧૬** વાળુ મુદ્દામાલ કબજે કર્યા અંગેનુ પંચનામું રજુ રાખી. **આંક–૧૫** થી પંચનામાના પંચ સાહેદ નં. .૧ અશરફભાઈ મજીદભાઈ કુરેશીનાઓને તથા **આંક–૧૭** થી પંચ સાહેદ નં. ૨ જુમ્માભાઈ ઉદેદાદભાઈ બ્લોચનાઓને તપાસવામાં આવેલ છે. તેમની સરતપાસમા તેઓ ટુંકમા જણાવે છે કે,''... પોલીસે તેઓ ને સાત–આઠ તૈયાર કાગળોમા સહીઓ કરવાનુ કહેતા તેઓએ સહીઓ કરેલી.આ કાગળમાં શું લખેલ હતુ તે તેઓએ વાંચેલ નહી કે પોલીસે તેઓ ને વાંચી સંભળાવેલ નહી.પોલીસના કહેવાથી તેઓએ સહિઓ કરેલી. તેમજ પંચોએ પંચનામામાં પોતાની સહિ ઓળખી બતાવેલ છે.તેમજ તેઓ પોલીસ સાથે કોઈ જગ્યાએ ગયેલ નથી તેઓની રૂબરૂમાં કોઈ મુદ્દામાલ કબજે કરેલ નથી...''

આમ, સદર પંચો પંચનામાની હકિકતને સમર્થનકર્તા ન હોય. વિ.એ.પી.પી.શ્રી દવારા સદર પંચોને ફરી ગયેલા જાહરે કરેલ.વળી, આરોપીના વિ.વ.શ્રી ઘ્વારા તેઓની ઉલટ તપાસ કરવામાં આવેલ છે.

જેમાં તેઓએ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે,તેઓએ તૈયાર પં ચનામામાં સહિ કરેલી. તે સિવાય તેઓ કાંઈ જાણતા નથી...''

આમ, સદર કામના પંચોએ પંચનામાની હકિકતને સમર્થન કરતી જુબાની આપેલ નથી.

(૮.૫) ત્યારબાદ ફરીયાદ પક્ષે સાહેદ **નાયબ ઈજનેર કમલ કુમાર કીરીટભાઈ અખેણીયા**નાઓને **આંક–૧૮** થી તપાસવામાં આવેલા છે. તેમની સરતપાસમા સાહેદ ટુંકમાં જણાવે છે કે, ''...તેઓ નાયબ ઈજનેર તરીકે પી.જી.વી.સી.એલ. વિસાવદર પેટા વિભાગ–ર માં ફરજ બજાવે છે.હાલના બનાવ બાબતે ઓગષ્ટ–૨૦૨૫ ની આસપાસ તેઓને જાણવા મળેલ કે, તેઓના વિસાવદર ગામમા બનાવના પંદરેક દિવસ પહેલા સરસઈ જતા રસ્તે વડલી ફાટક પાસે આવેલ વૃંદાવન વિહારી એજ્યુકેશન ટ્રસ્ટનુ ૫ કે.વી.નુ ટ્રાન્સફોર્મર કોઈ અજાણ્યા ઈસમ દવારા કોઈપણ રીતે નીચે ઉતારી તેની અંદરથી આશરે ૧૯ કીલો કોપર વાયરીંગ અંદાજે કિમત ૧૬,૧ ૫૦/– જેટલી છે તે ચોરી ગયેલ છે.તેવી જ રીતે વિસાવદર વિભાગ–૧ માં જેતે સમયે નાયબ ઈજનેર તરીકે હાલના ફરીયાદી અમીતકુમાર રાબડીયા ફરજ બજાવતા હતા અને તેમના કાર્યક્ષેત્રમાંથી અલગ અલગ છ જગ્યાએ ટ્રાન્સફોરમર માંથી વાયરીંગ અને ટી.સી. બોડીની ચોરી થયેલ જેમાં જીવુબેન લાખાભાઈ વાછડીયાનુ વીજ જોડાણનુ પાંચ કે.વી.નુ ટ્રાન્સફોર્મર કોઈ ઈસમ ધ્વારા નીચે ઉતારી તે ટ્રાન્સફોર્મરની અં દરથી આશરે ૧૯ કિલો કોપરનુ વાયરીંગ તથા ટી.સી. બોડી જેની અં દાજે કિમત ૧૭,૧૫૦/– જેટલી છે તે ચોરી ગયેલ છે. ઉપરાંત

વિસાવદર ગામના અલગ–અલગ ગ્રાહકો જેમાં ગોવિંદભાઈ જીણાભગત વાણીયાની ખેતીવાડીનુ ૨૫ કે.વી.નુ ટ્રાન્સફોર્મર, વિસાવદર માણંદીયા રોડ ઉપર પાંજરાપોળ ગૌશાળાનુ ખેતીવાડીનુ ૧ ૬ કે.વી.નુ ટ્રાન્સફોર્મર, માણંદીયા જતા રસ્તો દાફડા પરીવારના સુરાપુરાના મંદીરનુ ૫ કે.વી.નુ ટ્રાન્સફોર્મર, માણંદીયા ગામના વલ્લભભાઈ ભાલીયાની ખેતીવાડીનુ ૫ કે.વી.નુ ટ્રાન્સફોર્મર, વિસાવદરના વાલજીભાઈ વાઘેલાનુ ખેતીવાડીનુ ૧૬ કે.વી.નુ ટ્રાન્સફોર્મર તેમજ ડીવી–૨ હેઠળ આવતા વિસ્તારમાં . આ બધા વીજ જોડાણના ટ્રાન્સફોર્મરો માંથી કોઈ અજાણ્યા ઈસમ ધ્વારા કુલ ૭૬ કીલો વાયરની અને એક ટ્રાન્સફોર્મર બોડી જેની કુલ કિમત રૂપિયા ૬૫,૬૦૦/– તથા એલ્યુમિનિયમ વાયરની કિમત ૩૩,૦૦૦/– ગણી કુલ ૯૮,૬૦૦/– ની રકમના મુદામાલની કોઈ વ્યકિતએ ચોરી કરી લીધેલ છે. આ બનાવની જાણ થતા અમારા ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન બાદ પેટા વિભાગ–૧ ના નાયબ ઈજનેરશ્રી અમીતકુમાર રાબડીયાનાઓએ આ ચોરી બાબતેની ફરીયાદ આપેલ...''વળી, આરોપીના વિ.વ.શ્રી ધ્વારા તેઓની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે,''...હાલની ફરીયાદ અજાણ્યા ઈસમ સામે આપવામા આવેલ. એ વાત ખરી છે કે બનાવવાળી તમામ જગ્યાઓ વાડી તથા રહેણાંક વિસ્તાર છે અને ત્યાં સતત માણસોની અવરજવર રહે છે. એ વાત ખરી છે કે ચોરાઈ ગયેલ તમામ ટી.સી. કાર્યરત હોય તેમાથી ચોરી કરવા માટે વીજ પ્રવાહ અંગેના સામાન્ય જ્ઞાનની જરૂર રહે છે. એ વાત ખરી છે કે કહેવાતા બનાવ અંગેની ફરીયાદ એક માસ જેટલી મોડી

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

આપવામા આવેલ છે. સાહેદ જણાવે છે કે બનાવની જાણ તેઓએ તરત પોલીસને કરેલ પરંતુ પ્રથમ પોલીસે ફરીયાદ લીધેલ નહી અને ત્યારબાદ પ્રાથમિક તપાસ ચાલુ હોય પોલીસ ધ્વારા આ ફરીયાદની નોંધણી મોડી કરવામા આવેલ છે. એ વાત ખરી છે કે હાલના બનાવ બાબતે તેઓને કોઈ અંગત જાણકારી નથી...''

આમ, સદર સાહેદની જુબાની પરથી જણાય આવે છે કે, હાલના બનાવ બાબતે તેઓને કોઈ અંગત જાણકારી નથી

(૮.૬) ત્યારબાદ ફરીયાદ પક્ષે તપાસ કરનાર અમલદાર **પી.એસ.આઈ.રસીકભાઈ ડાયાભાઈ રોહિત**નાઓને **આંક–૧૯** થી તપાસવામાં આવેલા છે. તેમની સરતપાસમા ત.ક.અ. ટુંકમાં જણાવે છે કે,''...૨૦૨૫ ના અરશામાં તેઓ વિસાવદર પો.સ્ટે.માં પો.એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન ગઈ તા. ૨૭/૦૯/૨૦૨૫ ના રોજ પી.જી.વી.સી.એલ વિસાવદરના નાયબ ઈજનેર અમીત કુમાર નાથાભાઈ રીબડીયા નાઓએ વિસાવદર આસપાસના ગામોમાંથી અજાણ્યા ઈસમ દવારા ટ્રાન્સફોરમર અંદરથી કોપર વાયર અંદાજીત ૭૬ કીલો તથા એક ટ્રાન્સફોરમર બોડીની ચોરી થયા બાબતની ફરીયાદ નોંધાવતા સદર ગુનાની પ્રથમ તપાસ પોહે.કો. કમલસિંહ જણકાટનાઓને ડેપ્યુટ કરવામાં આવેલ તેઓએ બે પંચોને સાથે રાખી બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ. ત્યારબાદ સદર ગુનાની તપાસ તેઓને ડેપ્યુટ થતા તેઓએ લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલ ત્યાર બાદ એલ.સી.બી જુનાગઢ નાઓ દવારા આરોપીઓની અટક થતા એલ.સી.બીના પો.હેડ કોન્સ.

જે.એચ.મારુનાઓએ આ કામના આરોપીને મુદામાલ સાથે અટક કર્યા અંગેનું પંચનામુ કરેલ તે તપાસમાં સામેલ રાખેલ. તેમજ આરોપીના રીમાન્ડ મેળવેલ હોય આરોપીને સાથે રાખી તેઓએ ચોરી થયેલ દરેક સ્થળ પર જઈ તે જગ્યાઓનું પંચનામુ કરેલ અને આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જસીટ કરેલ...''વળી, આરોપીના વિ.વ.શ્રી ધ્વારા તેઓની ઉલટ તપાસ કરવામાં આવેલ છે.જેમાં તેઓ એ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે,''... બનાવવાળી જગ્યાએ વાડી વિસ્તાર છે અને આજુબાજુમા અન્ય આસામીઓની જમીનો આવેલી છે તથા જાહેર રસ્તો આવેલો છે અને ત્યાં સતત આજુબાજુના ખેતરમા કામ કરતા લોકોની અવર જવર ચાલુ હોય છે.એ વાત ખરી છે કે હાલના કામે તેઓએ કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો મેળવેલા નથી...''

આમ, સદર કામના તપાસ કરનાર અમલદારની જુબાની જોતા માલુમ પડે છે કે, તેઓએ તપાસના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો મેળવેલા નથી.

(૦૯) સરકારશ્રીના વિધ્વાન એ.પી.પી.શ્રી પોતાની મૌખિક દલીલમાં જણાવેલ કે, સદર કામે ફરીયાદી તથા સાહેદનાઓએ ફરીયાદપક્ષ ને પુરેપુરૂ સમર્થન આપતી જુબાની આપેલ છે. જેથી તેઓ સદર કામે આરોપીને આક્ષેપાયેલ ગુનામા કડક સજા થાય તે અંગે રજુઆત કરે છે. વળી, આરોપીના વિ.વકિલ શ્રી પોતાની મૌખિક દલીલમાં નામદાર કોર્ટમાં જણાવે છે કે, ફરીયાદપક્ષના સાહેદની ઉલટતપાસમાં રેકર્ડ પર આવેલ વિરોધની હકિકતો તરફ ધ્યાન દોરેલ છે અને ફરીયાદપક્ષે રજુ ફરીયાદીનો પુરાવો ખુદ ફરીયાદ

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

હકિકતથી વિપરીત હોવાથી આ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૧૦) આ કામે ફરીયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો, જણાય આવે છે કે, ફરીયાદી કે કોઈ પણ સાહેદોએ સદર બનાવ બનતા નજરે જોયેલ નથી. સદર કામે ફરીયાદી નાયબ ઈજનેર, અમીતકુમાર નાથાભાઈ રાબડીયાની આંક–૦૭ વાળી જુબાની તેમજ સાહેદ નાયબ ઈજનેર કમલકુમાર કીરીટભાઈ અખેણીયા આંક–૧૮ વાળી જુબાની વંચાણે લેતા તેઓએ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની ફરીયાદ અજાણ્યા ઈસમ સામે આપેલ છે. તેમજ કહેવાતા બનાવ અંગેની ફરીયાદ એક માસ જેટલી મોડી આપવામા આવેલ છે. તેમજ હાલના બનાવ બાબતે તેઓને કોઈ અંગત જાણકારી નથી.

આમ સદર કામના ફરીયાદી તેમજ સદર કામના સાહેદની જુબાની વંચાણે લેતા રેકર્ડ ઉપર એ હકિકત નિશંક:પણે સાબિત થાય છે કે, સદર કામના આરોપીએ એ સદર ગુનાના કામે ચોરી કરેલ છે તે બાબત સદર કામના ફરીયાદી કે સાહેદ પુરવાર કરી શકેલ નથી કે તેઓએ તે બાબતની જાત માહિતી નથી. કોઈ અજાણ્યા ઈસમે ચોરી કરેલ છે ફકત બે બાબતની તેઓને જાણકારી છે. આમ,સદર કામના આરોપીને સદર ગુનાના કામે ચોરી કરેલ છે તેવું ફરીયાદી કે સાહેદે નજરે જોયેલ નથી.તેમજ તેઓને હાલના બનાવની બીજા દવારા જાણકારી પ્રાપ્ત થયેલ છે. તેઓને બનાવ બાબતે કોઈ અંગત જાણકારી નથી. તેમજ સદર કામની ફરીયાદ પણ એક માસ જેટલી મોડી આપવામા આવેલ છે.

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

(૧૧) વધુમાં સદર કામે રજુ કરવામાં આવેલ કોઈ પણ પંચનામાના પંચોએ પંચનામાની હકિકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને વધુમાં જણાવેલ છે કે, પોલીસે તેઓની તૈયાર પંચનામામા સહિ લીધેલ. સદર કામે ત.ક.અમલદારશ્રી નો મૌખિક પુરાવો ધ્યાને લેતા, બનાવવાળી જગ્યાએ વાડી વિસ્તાર છે અને આજુબાજુમા અન્ય આસામીઓની જમીનો આવેલી છે તથા જાહેર રસ્તો આવેલો છે અને ત્યાં સતત આજુબાજુના ખેતરમા કામ કરતા લોકોની અવર જવર ચાલુ હોય છે. તેઓએ તપાસના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો મેળવેલા નથી તેમજ સ્વતંત્ર સાહેદના નિવેદન ન નોંધવા પાછળનું કારણ પણ તેઓએ જણાવેલ નથી.આમ, કોઈ સાહેદ જયારે બનાવ નજરે જોનાર સાહેદ ન હોય અને ફરીયાદ હકિકતને સમર્થનકર્તા ન હોય ત્યારે આરોપીને સદર ગુનામાં તકસીરવાન ઠેરવવું નામદાર કોર્ટને ન્યાયોચિત લાગતું નથી.

(૧૨) આમ, આ કામે રેકર્ડ પરનો સમગ્ર પુરાવો, કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતા આરોપી વિરુધ્ધ અન્ય કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય. તે તમામ સંજોગોમાં આ કામના આરોપી વિરુધ્ધ ફરમાવવામાં આવેલ બી.એન.એસ.ની કલમ–૩૦૩(૨), ૫૪ ના તહોમત મુજબના ગુનાના આવશ્યક તત્વો ફરીયાદપક્ષ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી નિ:શં કપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી ઉપરોકત વિગતવારની ચર્ચાના અંતે મુદા નં. ૧ નો નિર્ણય ''નકારમાં '' ઠરાવવામાં આવે છે. અને મુદા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

(બી.એચ.ભટ્ટ)
જયુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

## – :: આખરી હુકમ :: –

(૧) આ કામના આરોપી કિશનભાઈ ઉર્ફે કિશલો લખમણભાઈ ચનાભાઈ ચુડાસમા,ઉ.વ.૨૨, ધંધો–મજુરી,રહે.કેશોદ, ચાંદીગઢના પાટીયે, માલધારી હોટેલની બાજુમાં, શ્રીનાથજી ગૌશાળાની બાજુમાં,માંગરોળ રોડ ઝુપડામાં, હાલ રહે.રૂપાયતન ગેટની બાજુમાં,ભવનાથ જુનાગઢ નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૭૧(૧) અન્વયે આરોપીને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૦૩(૨), ૫૪ ના ગુના સબબ પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવા હુકમ કરવામા આવે છે.

(૨) સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ એક પીળા કલરનો કેબલ વાયર કિં.રૂા. ૩,૦૦૦/– તથા એક કાળા કલરનો કેબલ વાયર કિં. રૂા.૧,૦૦૦/– નો મુદ્દામાલ પી.જી.વી.સી.એલ. કચેરી,વિસાવદર ને પરત કરવો.

(૩) સદર કામના આરોપી હાલના ગુનાના કામે હાલ જયુડિશીયલ કસ્ટડીમાં હોય આ ગુનાના કામની જેલ મુકત યાદી જીલ્લા જેલ જુનાગઢને તાત્કાલીક કરવી.

હુકમ આજ રોજ તારીખ **૧૬** માહે **માર્ચ** સને–**૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહિ કરી જાહેર કર્યો.

તારીખ:–૧૬/૦૩/૨૦૨૬
વિસાવદર

**(ભાવિક હિતેનભાઈ ભટ્ટ)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વિસાવદર.
(જજ કોડ–જી જે ૦૧૫૨૨)

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર